# પિલવાઈ પાસે ગોઝારા અકસ્માતમાં એક જ પરિવારના છ સહિત સાતના કરૂણ મોત

## *ટાટા સ્વેશિયો મોટરકારનું ટાયર ફાટતા ગાડી ઝાડ સાથે અથડાતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માત : નવ વ્યક્તિઓને ઈજાઓ*

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લાના વિજાપુર-મહેસાણા ધોરીમાર્ગ પર પિલવાઈ પાસે ટાટા સ્વેશિયો મોટરકારનું ટાયર ફાટતા ગાડી ઝાડ સાથે અથડાતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં સાત વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે નવ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. આ ગોઝારા અકસ્માતને પગલે ચડાસણા અને આસપાસના ગામોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ વિજાપુર તાલુકાના ચડાસણા ગામના ઠાકોર પરિવારના સભ્યો તેમજ તેમના સગાઓ મળી કુલ ૧૬ જેટલા માણસો આજે બપોરના સમયે ચડાસણા ગામેથી ટાટા સ્વેશિયો મોટરકાર નં. જીજે-૧૮-એએ-૧૪૩૦માં બેસીને વિસનગર તાલુકાના લાઘડી ગામે લગ્ન પ્રસંગમાં જવા નિકળ્યા હતા ત્યારે બપોરના બાર વાગ્યાના સુમારે પિલવાઈ નજીક વળાંકમાં ટાટા સ્વેશિયોનું ટાયર ફાટતા ગાડી ઝાડ સાથે જોરદાર અથડાઈ હતી. જેથી ગાડીમાં પાંચ વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે ૧૧ વ્યક્તિઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થતા મોટાભાગનાઓને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ઈજાગ્રસ્તો પૈકી એક મહિલા અને એક કિશોરનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ગોઝારા અકસ્માતને પગલે ધોરીમાર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. આસપાસમાંથી લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘાયલોને સારવાર અર્થે તરત જ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ઘટનાની જાણ થતા વિજાપુર પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતમાં માર્યા ગયેલા સાત વ્યક્તિઓ પૈકી પાંચથી છ જણા ચડાસણા ગામમાં જ સમગ્ર ગામ હિબકે ચડ્યું હતું. મૃતકોમાં પિતા, પુત્ર અને પુત્રીનો પણ સમાવેશ થાય છે. આ કરૂણ બનાવ અંગે વિજાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**મૃતકોની યાદી**

- પ્રવિણજી રાધુજી ઠાકોર ડ્રાઈવર રહે. ચડાસણા
- વિજય પ્રવિણજી ઠાકોર ઉં.વ. ૭ રહે. ચડાસણા
- કરણ દિનેશજી ઠાકોર ઉં.વ. ૮ રહે. ચડાસણા
- બબીબેન રામાજી ઠાકોર - ચડાસણા
- ઉષાબેન પ્રવિણજી ઠાકોર ઉં.વ. ૧૫ રહે. ચડાસણા
- કાન્તાબેન સરતાનજી ઠાકોર ઉં.વ. ૪૫ રહે. ચડાસણા
- મુકેશજી વિષ્ણુજી ઠાકોર ઉં.વ. ૮ રહે. દેવડા

# પ્રાંતિજનું પશુ દવાખાનુ છેલ્લા બે વર્ષથી શોભાના ગાંઠીયા સમાન : પશુપાલકો પરેશાન

પ્રાંતિજ,તા. ૧૪

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલ પશુ દવાખાનું છેલ્લા ઘણા સમયથી વેટરનરી ડૉક્ટરના અભાવના કારણે શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે. પરિણામે પશુપાલકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે અને તંત્ર કાયમી ડૉક્ટરની નિમણુંક પશુ દવાખાનામાં કરે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે આવેલ પશુ દવાખાનુ છેલ્લા બે વર્ષથી કાયમી પશુ ડૉક્ટરની રાહ જોઈ રહ્યું છે. ચાર્જવાળા ડૉક્ટર પણ પોતાની મનમાનીથી આવે છે. અને જતા રહે છે. આથી સમગ્ર પ્રાંતિજમાં વસતા પશુપાલકોને પોતાના પશુઓ માટે તાત્કાલિક અથવા તો નિયત સારવાર મળતી નથી. પરિણામે પશુ પાલકોએ આમ તેમ ભટકવું પડે છે. આ સીઝનમાં પશુઓ બિમાર પડવાના બનાવો વધી રહ્યા છે ત્યારે ડૉક્ટરના અભાવે પશુપાલકો પરેશાની ભોગવી રહ્યા છે. આમ આ સંદર્ભે તંત્ર સત્વરે આ પશુદવાખાનામાં કાયમી ડૉક્ટરની નિમણુંક કરે તેવી પ્રાંતિજ વાસીઓ માંગ કરી રહ્યા છે.

# હિંમતનગર ખાતે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જાગરૂકતા શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૧૪

ગુજરાત સરકારે રાજ્યના અનુસૂચિત જાતિઓના સામાજિક અને આર્થિક ઉન્નતિના કાર્યને પ્રાથમિકતા આપી હોવાનું ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે યોજાયેલા જાગરૂકતા શિબિર કાર્યક્રમનું મંગલદિપ પ્રજ્જવલિત કરીને અધ્યક્ષે નિગમ દ્વારા અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે બનાવેલી યોજનાઓનો લાભ લઈ આર્થિક અને સામાજિક ઉન્નતિ સાધવા અનુરોધ કર્યો હતો.

ચેરમેને નિગમની વિવિધ યોજનાઓની સવિસ્તાર માહિતી આપી જણાવ્યું હતું કે નિગમે છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિના ૮૦ હજાર લાભાર્થીઓને રૂ. ૧૭૫ કરોડની વિવિધ બેંકોના સહયોગથી લોન ધિરાણ, ૩૭ હજાર લાભાર્થીઓને રૂ. ૧૨૬ કરોડની સાધન સહાય આપી હોવાનું જણાવી નિગમ દ્વારા અનુસૂચિત જાતિઓના આર્થિક વિકાસ માટે નવતર યોજનાઓ બનાવવામાં આવી રહી છે.

અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ડિરેક્ટર છગનભાઈ પરમારે પ્રાસંગિક પ્રવચન કરતાં ઉમેર્યું હતું કે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિના વિકાસ માટે અનેક યોજનાઓ બનાવી છે. તેનો લાભ લઈ પગભર બનવા હાકલ કરી હતી.

અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ડિરેક્ટર શ્રીમતી મધુબેન પરમાર, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ભગાભાઈ પરમાર, સામાજિક કાર્યકર વિજયભાઈ પંડ્યા, અનુ. જાતિ મોરચાના કૌષાધ્યક્ષ નટુભાઈ પરમાર, અનુસુચિત જાતિ મોરચાના શહેર પ્રમુખ ગોપાલભાઈ સોલંકી વગેરેએ ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓના વિકાસ માટે ભૂતકાળમાં ન હતી તેટલી યોજનાઓ અમલમાં મુકી હોઈ આ યોજનાના સથવારે અન્ય સમાજની હરોળમાં વિકાસ સાધવા જણાવ્યું હતું.

આ પ્રસંગે નિગમના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડા અને મહાનુભાવોના હસ્તે ૧૫૪ લાભાર્થીઓને રૂ. ૪૬ લાખના ચેક અને ૪૫ લાભાર્થીઓને રૂ. ૨ લાખની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા મેનેજર ચૌધરીએ આવકાર પ્રવચન અને આભારવિધિ કરી હતી.

# ડીસાના ભોયણ પાસે જીપ અકસ્માતમાં ત્રણ ઘાયલ

ડીસા, તા. ૧૪

ડીસાના ભોયણ ગામ પાસે આજે પાલનપુરથી ડીસા તરફ આવતા રોડ ઉપર એક પેસેન્જર જીપને અકસ્માત નડ્યો હતો. આ જીપ એક ટ્રેક્ટર સાથે અથડાતા જીપ ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને જીપ હાઈવે રોડ વચ્ચે ડીવાઈડર સાથેના ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં જીપનો ખુડદો બોલી ગયો હતો.જ્યારે જીપમાં સવાર ત્રણ વ્યક્તિઓને ગંભીર પ્રકારની ઈજાઓ થતા ત્રણેય ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારપતે ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકના એ.એસ.આઈ. મણીલાલ, જશુભા, તેમજ રાજુભાઈ વિગેરે ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને રાહત અને મદદ પહોંચાડી હતી. આ કામની વધુ તપાસ એ.એસ.આઈ. મણીલાલ ચલાવી રહ્યા છે.

# ગાડીના કાચ તોડી ૧ લાખ રૂપિયા ભરેલી બેગ ઉઠાવી તસ્કરો પલાયન

ધનસુરા, તા. ૧૪

ધનસુરામાં થોડા દિવસ પહેલા મહિલા કોલેજમાં થયેલી ચોરીનો ભેદ હજુ તો ઉકેલાયો નથી ત્યાં તો આજે બપોરે વડગામનો યુવક બેંકમાંથી અંદાજે રૂ. ૧ લાખ ઉપાડી બેગ ગાડીમાં મુકી જનરલ સ્ટોરમાં ગયા હતા. દરમિયાન કોઈ ઈસમોએ ગાડીના કાચ તોડી આગળની સીટ ઉપર મુકેલ રૂ. ૧ લાખ ભરેલી બેગ પળવારમાં જ ઉઠાવી પલાયન થઈ ગયા હતા. આથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર ધનસુરા તાલુકાના વડાગામના હરિભાઈ પટેલ આજે બપોરે ધોળા દિવસે બેંકમાંથી અંદાજે રૂ. ૧ લાખ ઉપાડી બેગમાં મુકી અને તે બેગ ગાડીમાં મુકી પાસેની સોની જનરલ સ્ટોરમાં ખરીદી અર્થે ગયા હતા. બસ આ દરમિયાન જ કોઈ અજાણ્યા ઈસમો હેલમેટ પહેરી બાઈક પર આવી હરિભાઈની કારના કાચ તોડી આગળની સીટ પર મુકેલ રૂ. ૧ લાખની બેગ લઈ પલાયન થઈ ગયા હતા. થોડા સમય બાદ ગાડીના માલિક હરિભાઈ ગાડી પાસે આવ્યા ત્યારે ગાડીના કાચ તુટેલા જોયા અને અંદર પટેલ પૈસા ભરેલ બેગ ન નજરે પડતા બેબાકળા બન્યા હતા. બાદમાં ભારે શોધખોળ હાથ ધરી હતી. પરંતુ પૈસા ભરેલી બેગ ન મળતા તેઓએ ધનસુરા પોલીસને જાણ કરતા પોલીસે આ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરના સીટીલાઈટમાં આખરે પોલીસ પોઈન્ટ મુકાયો : લુખ્ખા તત્વોમાં ફફડાટ

પાલનપુર, તા. ૧૪

પાલનપુરના સતત ધમધમતા સીટી લાઈટ બીઝનેસ સેન્ટર છેલ્લા બે ત્રણ વર્ષથી ગુંડાઓને લીધે ભારે બદનામ થતા અસામાજિક તત્વો પર અંકુશ રાખવા વેપારીઓની માંગણી બાદ હથિયારધારી પોલીસ પોઈન્ટ મુકવામાં આવતા લોકોએ હાશકારો અનુભવ્યો છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મળતી માહિતી અનુસાર પાલનપુર શહેરના મધ્યમાં આવેલા આ બીઝનેશ સેન્ટરમાં જુદી જુદી દુકાનો અને સિનેમાગૃહને લીધે મોટી સંખ્યામાં શહેરીજનો ગ્રામીણ પ્રજા ખરીદી અને હરવા ફરવા માટે આવે છે. જ્યાં શહેરના લુખ્ખા તત્વોએ પણ અહી અડીંગો જમાવ્યો છે અને ગમે ત્યારે કોઈ બાબતે ઝઘડો થાય તો ખુલ્લા હથિયારો સાથે તોફાની તત્વોના ટોળે ટોળા આવી ભય અને અશાંતિના અનેક બનાવોથી સીટી લાઈટ બીઝનેશ સેન્ટર બદનામ બન્યું હતું. આ રોજની માથાકૂટથી કંટાળી સેન્ટરના વેપારીઓએ અનેક વખત પોલીસ સાથે બેઠક યોજી પોલીસ પોઈન્ટ મુકવાની માંગણી કરી હતી. આથી આ સંદર્ભે જિલ્લા પોલીસ વડા અશોક યાદવે ડીવાયએસપી અને પી.આઈ. ને સૂચના આપી સિટીલાઈટ ખાતે હથિયારધારી પોલીસ પોઈન્ટ અને જુદા જુદા સ્થળો પર સીસીટીવી કેમેરા ગોઠવતા લુખ્ખા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે કાયમી ધોરણે બંદોબસ્ત રહે તેમ વેપારીઓ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# સુરતમાં ચોરીનો ડામરનો જંગી જથ્થો જપ્ત : વધુ ચકાસણી શરૂ

## રૂપિયા ૮૪ હજારના ડામર સહિતના સાડા ચાર લાખનો મુદ્દામાલ કબજે : બાતમીના આધારે સફળતા હાથ લાગી

અમદાવાદ, તા.૧૪

સુરતના માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામેથી રાત્રે સાડા બાર વાગ્યાની આસપાસ સુરત એલસીબીની ટીમે ૮૪ હજાર રૂપિયાની કિંમતના ડામરા સાથે ચાર લાખ ૬૦ હજાર ૭૭૦ રૂપિયાનો મુદ્દામાલકબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

આ સંદર્ભે માંગરોળ પોલીસ મથક ખાતેથી મળેલી માહિતી મુજબ ગતરોજ રાત્રે ૧૨.૩૦ કલાકની આસપાસની સુરત જિલ્લા એલસીબીની પીઆઈ એજી યાદવ પોતાની ટીમ સાથે માંગરોળ તાલુકાના વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ માટે નીકળ્યા હતા. તે વખતે બાતમી મળી હતી કે ઝંખવાવ ગામે ઝંખવાવ-માંડવી, રાજ્ય ધોરીમાર્ગ ઉપર આવેલ હોટલ ખોડીયારના માલિક મુન્નાભાઈ, આ માર્ગ ઉપરથી પસાર થતા ડામરના ટેન્કરોના ડ્રાઈવરોના મેલાપીપણામાં ટેન્કરોમાંથી ડામર કાઢે છે અને આ ડામરના બેરલો આ ડામરના બેરલો આ હોટલની આસપાસ છૂપી રીતે સંતાડીને રાખે છે. આ બાતમીના પગલે ઉપરોક્ત હોટલ ઉપર છાપો મારતા અને આસપાસ તપાસ કરતા ડામર ભરેલ પીપ નંગ ૧૨ એકપીપમાં ૨૦૦ લીટર ડામર જેની અંદાજીત કિંમત રૂપિયા ૭૨,૦૦૦ ખાલી બેરલ નંગ ૧૭, જેની કિંમત રૂપિયા ૨૦૦ લેખે કુલ ૩૪૦૦, ટટા છોટા હાથી ટેમ્પો નં. જી.જે-૫ એયુ-૮૪૭૯ કિંમત રૂપિયા ૩.૫૦ લાખ, આટેમ્પામાંથી ડામર ભરેલા બે બેરલ જેની કિંમત ૧૨ હજાર રૂપિયા, જ્યારે ટેમ્પો ડ્રાઈવર સેવન્તુભાઈ કે. વસાવાને પુછપરછ કરતા આ માલ દિપકભાઈ ઉર્ફે મુન્નાભાઈ સવજીભાઈ ભીમજીભાઈ પટેલ હાલ રહે. મંદિર ફળીયુ, ઝંખવાવ મૂળ રહે. ટાંકુડા, તા. ગોંડલ, જિ. રાજકોટનો હોવાનું જણાવાયું છે.

# થરા હાઈવે લૂંટ કેસમાં પોલીસે ૬ લાખની મત્તા સાથે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા

પાલનપુર, તા. ૧૪

થરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રોડ ઉપરના ભલાગામ ટોલટેક્ષ ઉપરના કર્મચારી મેક્ષગાડી લઈ ટોલટેક્ષના નાણા એસ.બી.આઈ. બેંક થરા ખાતે જમા કરાવવા સારૂ જતા ત્રણ ઈસમોએ ગાડી રોકી તેમા બેઠેલા કર્મચારીઓને મારી ધોળા દિવસે રૂ. ૬,૦૭,૧૨૦ની રોકડ રકમની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. જે અંગે થરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરતા આજે ગણતરીના કલાકોમાં જ પોલીસે બાતમીના આધારે ત્રણેય લૂંટારૂઓને ઝડપી તેમની પાસેથી લૂંટેલી રૂ. ૬ લાખની રોકડ રકમ પરત મેળવી હતી.

મળતી માહિતી અનુસાર થરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ હાઈ-વે રોડ પરના ભલાગામ ટોલટેક્ષ ઉપરના કર્મચારી વિપુલભાઈ દલસંગભાઈ પટેલ તથા તેમની સાથેના માણસો મેક્ષ ગાડી નં. જીજે-૩-સીઈ-૮૨૩૭માં ટોલટેક્ષના નાણા એસ.બી.આઈ. બેંક થરા ખાતે જમા કરાવવા સારૂ જતા હતા તે દરમિયાન અચાનક જ મોટર સાયકલ ઉપર ત્રણ અજાણ્યા ઈસમો આવી ગાડીની આગળ મોટર સાયકલ આડુ કરતા ગાડીના ચાલકે ગાડીની બ્રેક મારતા મોટરસાયકલની પાછળ બેઠેલ બે અજાણ્યા ઈસમો એકદમ ઝડપભેર નીચે ઉતરી જઈ ગાડીમાં બેઠેલા તમામની આંખમાં મરચાની ભૂકી નાંખી ધોકાથી માર મારી ઈજાઓ કરી સ્ટીલની પેટીમાં રાખેલ રોકડ રકમ રૂ. ૬,૦૭,૧૨૦ની ધળા દિવસે લૂંટ કરી મોટરસાઈકલ ઉપર બેસી નાસી ગયા હતા. જે અંગે થરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ગંભીર ગુનાની જાણ જિલ્લા પોલીસ વડાને થતા તેઓના માર્ગદર્શન હેઠળ બે ટીમોએ સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગણતરીના સમયમાં જ બાતમીના આધારે પોલીસે ભૂપતાજીના ઘરે છાપો મારી ભુપતાજી ડાયાજી ઠાકોર રહે. ભદ્રવાડી કાંકરેજ, પંકજ ઉર્ફે પીન્ટુ રવાજી ઠાકોર રહે. ભલગામ તથા શૈલેષજી રૂગનાથજી ઠાકોર રહે. સુલતાનપુરા વાળાઓ મળી આવતા આ ત્રણેય આરોપી પાસેથી લુંટમાં ગયેલા રૂ. ૬,૦૦,૦૦૦ પુરા મળી આવેલા જે પંચો રૂબરૂ કબજે લેવામાં આવ્યા હતા અને આ ગુનામાં વપરાયેલ મોટરસાયકલ તથા ઈજા કરવામાં વપરાયેલ ધોકા તથા સ્ટીલની પેટી તથા રૂ. ૭,૧૨૦ હસ્તગત કરવાના બાકી હોવાથી આ ગુનાના આરોપીઓના રીમાન્ડની તજવીજ હાથ ધરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ૨-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યુરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૯૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601